# હજારો નિઃવારસ આત્માઓને
# સ્મશાનમાં ગૌરવપૂર્ણ વિદાય આપનાર-પૂજા શર્મા





મૃત્યુ પછી માણસ પાસે કંઈ બચતું નથી. ન સંપત્તિ, ન હોદ્દો, ન ઓળખાણ. જો કંઈ બાકી રહે છે તો માત્ર તેની માનવતા... અને સમાજ તેને કેટલા સન્માનથી વિદાય આપે છે તે.

સ્મશાન... એક એવું સ્થળ, જ્યાં પહોંચવા માટે કોઈ ઉત્સાહથી જતું નથી. જ્યાં માત્ર અગ્નિની જ્વાળાઓ, રાખની સુગંધ, આંખોમાં આંસુ અને હૃદયમાં અસહ્ય શોક હોય છે. અને આપણા સમાજમાં વર્ષોથી એક વાક્ય વારંવાર સાંભળવામાં આવે છે કે છોકરીઓ સ્મશાનમાં જતી નથી. કોઈએ ક્યારેય પૂછ્યું નથી કે શા માટે? શું કરુણાની  પણ કોઈ જાતી હોય છે? શું અંતિમ વિદાય આપવાનો અધિકાર માત્ર પુરુષોનો જ છે? શું એક દીકરીનું હૃદય પોતાના પિતા, ભાઈ, માતા કે અજાણ્યા માણસ માટે ઓછું ધબકે છે?

આ સવાલોના જવાબ પુસ્તકોમાં નથી મળવાના. આ જવાબ એક યુવતીએ પોતાના જીવનથી લખ્યા. તે યુવતી છે - પૂજા શર્મા. દિલ્હીની એક સામાન્ય મધ્યમવર્ગીય દીકરી. પરંતુ આજે દુનિયા તેમને અસામાન્ય માનવતાના પ્રતીક તરીકે ઓળખે છે.

એક એવી ઘટના ઘટી કે જેણે તેનું આખું જીવન બદલી નાખ્યું.  જીવન ઘણી વખત કોઈ પૂર્વચેતવણી આપતું નથી. એક ક્ષણમાં બધું બદલાઈ જાય છે. વર્ષ ૨૦૨૨માં પૂજા શર્માના જીવનમાં પણ આવું જ બન્યું. તેમના મોટા ભાઈની તેમની આંખો સામે જ નિર્દયતાથી હત્યા કરવામાં આવી. એ ક્ષણ માત્ર એક પરિવાર માટે નહીં, પરંતુ એક દીકરીના આખા જીવન માટે વિનાશક સાબિત થઈ. ભાઈને બચાવવા માટે તેણે ભરપૂર પ્રયાસ કર્યો. હોસ્પિટલ દોડી ગયા. પ્રાર્થનાઓ કરી. આશા રાખી. પણ ડોક્ટરોનો એક જ જવાબ હતો... હવે તેઓ જીવંત નથી રહ્યા. આ સમાચાર સાંભળીને તેના પિતા કોમામાં સરી પડ્યા. ઘરમાં રડવાના અવાજ હતા. દુઃખ હતું. નિરાશા હતી. પણ સૌથી મોટો પ્રશ્ન હજુ બાકી હતો... અંતિમ સંસ્કાર કોણ કરશે? પરિવારમાં કોઈ પુરુષ સભ્ય નહોતો. સમાજના કેટલાક લોકો માત્ર સલાહ આપતા રહ્યા. પરંતુ જવાબદારી ઉઠાવવા કોઈ આગળ આવ્યું નહીં. તે દિવસે એક દીકરીએ સમાજની સદીઓ જૂની પરંપરા સામે મૌન બળવો કર્યો. પૂજાએ માથે પાઘડી બાંધી. પોતાના ભાઈને ખભો આપ્યો અને પોતાના હાથે અગ્નિસંસ્કાર કર્યા. સ્મશાનમાં ઊભેલી તે યુવતી માત્ર પોતાના ભાઈને વિદાય આપી રહી નહોતી... તેણે  પોતાના અંદરના ડરને પણ અગ્નિમાં સમર્પિત કરી રહી હતી.



અસ્થિઓ એકત્ર કરતી વખતે પૂજા કલાકો સુધી રડતી રહી. તેણે માત્ર પોતાના ભાઈને ગુમાવ્યો નહોતો...તેણે હજારો એવા લોકોની પીડા અનુભવી, જેમના મૃત્યુ પછી તેમને વિદાય આપવા માટે પણ કોઈ પોતાનું નહોતું. એ જ દિવસે ભાઈના દેહની રાખ હાથમાં લઈને તેણે પોતાના મનમાં એક સંકલ્પ કર્યો. "જ્યાં સુધી મારી અંદર શ્વાસ છે, ત્યાં સુધી કોઈ નિઃવારસ મૃતદેહ સન્માન વિના આ દુનિયામાંથી વિદાય નહીં લે." આ શબ્દોમાં માત્ર ભાવુકતા નહોતી. આ તેમના જીવનનું ધ્યેય બની ગયા.

જે ઉંમરે મોટાભાગની યુવતીઓ લગ્નજીવન, કારકિર્દી કે પરિવારના સપનાં ગૂંથતી હોય છે, તે ઉંમરે પૂજા શર્મા પોતાના દિવસો નિઃવારસ મૃતદેહોના અગ્નિસંસ્કાર કરવામાં વિતાવે છે. દિલ્હીના શાહદરા વિસ્તારમાં મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલી પૂજાએ સમાજકાર્ય (Master of Social Work)માં અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને સરકારી હોસ્પિટલમાં કાઉન્સેલર તરીકે સેવા આપતી હતી. તે સાથે જ તે એલએલબીનો અભ્યાસ પણ કરી રહી હતી, કારણ કે તેનું સ્વપ્ન ન્યાયાધીશ બનવાનું હતું. તેનું જીવન શાંત,સુવ્યવસ્થિત અને આશાભર્યું હતું. પરંતુ ૧૩ માર્ચ, ૨૦૨૨નો દિવસ તેમના સમગ્ર જીવનનો માર્ગ બદલી ગયો. નજીવી તકરારના કારણે તેમની આંખો સામે જ તેમના ભાઈ રમેશ્વરની નિર્દયતાથી ગોળી મારીને હત્યા કરવામાં આવી. કોઈ પણ વ્યક્તિ મદદ માટે આગળ આવી નહીં. પૂજાએ એકલાં હાથે ભાઈને જીટીબી હોસ્પિટલ પહોંચાડ્યા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.

પૂજા યાદ કરતાં કહે છેઃ “મારા પિતાએ આ સમાચાર સાંભળ્યા અને તરત જ બેભાન થઈ કોમામાં સરી પડ્યા.” તે પહેલાં જ, વર્ષ ૨૦૧૯માં મગજમાં રક્તસ્ત્રાવ થવાને કારણે તેમની માતાનું અવસાન થઈ ચૂક્યું હતું. એક જ રાતમાં બધું બદલાઈ ગયું. પિતા કોમામાં, દાદી આઘાતમાં અને ભાઈ સદાકાળ માટે વિદાય લઈ ચૂક્યા હતા. પૂજા સંપૂર્ણપણે એકલી પડી ગઈ. ભાઈની ચિતા સામે એકલી ઊભેલી પૂજાના અંતરમાં કંઈક કાયમ માટે તૂટી ગયું. જીવન તેની સમક્ષ એવા સ્વરૂપમાં આવ્યું, જેની તેણે ક્યારેય કલ્પના પણ નહોતી કરી. કદાચ ઈશ્વરે તેના માટે કંઈક જુદું જ લખ્યું હતું. આ ક્ષણ તેમના જીવનનો અફર અને અવિસ્મરણીય વળાંક બની. ભાઈના અવસાન પછી, પરિવારના પુરુષ સભ્યની પરંપરાગત જવાબદારી ગણાતા અંતિમ સંસ્કાર પોતે જ કરવાની જવાબદારી તેણે સ્વીકારી.

૧૫ માર્ચે તે ભાઈની અસ્થિઓ લેવા સ્મશાનમાં ગઇ ત્યાં એક શિવલિંગ જોઈને તેઓ તેને ભેટી પડી અને કલાકો સુધી અનિયંત્રિત રીતે રડતી રહી. તેને ખબર પડતી ન હતી કે તેની અંદર શું થઇ રહ્યું હતું. તેણે તેના ભાઈની રાખ આખા શરીરે ચોળી લીધી. એ જ ક્ષણે તેણે જીવનનો સૌથી મોટો નિર્ણય લીધો. હવે તે નિઃવારસ મૃતદેહોના અંતિમ સંસ્કાર કરશે. તે વિચારતી હતી કે તેનો ભાઈ કોઈ અજાણી જગ્યાએ મૃત્યુ પામ્યો હોત તો કદાચ તેને પણ આદરપૂર્ણ અંતિમ વિદાય ન મળી હોત.આ નિર્ણયનો વ્યક્તિગત ભોગ પણ તેને ચૂકવવો પડ્યો. સાત વર્ષથી તેનો એક આર્મી કમાન્ડો સાથે પ્રેમસંબંધ હતો અને વર્ષ ૨૦૧૮માં તેમની સગાઈ પણ થઈ ગઈ હતી. સ્મશાનમાં સેવા કરતી હોય તેવો તેનો એક વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો, ત્યારે તેના મંગેતરે તેને “અઘોરી” કહી સંબોધી અને સમાજ શું કહેશે તેની ચિંતા વ્યક્ત કરી. તેણે સગાઈ તોડી નાખી અને ‘સેવા’ પસંદ કરી.” આ સેવા ચાલુ રાખવા માટે તેણે માતાનાં ઘરેણાં વેચી નાખ્યાં, ભાઈનું સ્કૂટર પણ વેચી દીધું અને પોતાનું ઘર ગીરો મૂકવું પડ્યું. આ સ્મૃતિચિહ્નો વેચવાનો અફસોસ તેને જીવનભર રહેશે, પરંતુ તેની પાસે બીજો કોઈ રસ્તો નહોતો. આજે પણ તે પોતાના ભાઈની હત્યાના કેસમાં ન્યાય મેળવવા માટે સતત સંઘર્ષ કરી રહ્યા છે.

તે કહે છેઃ “હું ભગવાન પાસે માત્ર એટલી જ પ્રાર્થના કરું છું કે મને ન્યાય મળે. ભગવાન બધું આપે છે, પરંતુ ભોળેનાથનો સાચો ભક્ત બનવાથી વૈરાગ્ય મળે છે. ભૌતિક બંધનોથી મુક્તિ મળે છે.” સેવાના આ વર્ષોમાં તેમણે કેટલીક એવી ઘટનાઓનો પણ અનુભવ કર્યો છે,જેનું કોઈ તર્કસંગત સમાધાન મળવું મુશ્કેલ છે.એક વખત તેણે એવા યુવાનના અંતિમ સંસ્કાર કર્યા, જેણે આત્મહત્યા કરી હતી અને જેના પરિવારજનોએ તેનો મૃતદેહ સ્વીકારવાનો પણ ઇન્કાર કર્યો હતો. અસ્થિઓ એકત્ર કરવાનું રહી ગયું. થોડા દિવસો પછી તેમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તે યુવાન બોલ્યોઃ “દીદી, તમે મને લેવા કેમ ન

આવ્યાં ?" સવારે જ પૂજાએ પૂજારીનો સંપર્ક કર્યો,અસ્થિઓ શોધી કાઢીને હરિદ્વારમાં જઈ ગંગાજીમાં તેમનું વિસર્જન કર્યું.

સ્મશાનને લઈને સમાજમાં અનેક અંધશ્રદ્ધાઓ પ્રચલિત છે—ખુલ્લા વાળ, અત્તર, આત્માઓ વગેરે વિશે. પરંતુ પૂજા આ બધાને નકારી કાઢે છે. તે માને છે કે આ બધી માત્ર માન્યતાઓ છે. તેની સવાર સ્મશાનથી શરૂ થાય છે. તે ત્યાં જ આરામ કરે છે. ત્યાં જ ભોજન પણ કરે છે. તેને ક્યારેય ડર લાગ્યો નથી કે કોઈ અલૌકિક અનુભવ થયો નથી.

પૂજાને આશા છે કે વધુ મહિલાઓ અંતિમ સંસ્કાર જેવી સેવાઓમાં આગળ આવશે અને સમાજમાં મહિલાઓ અંગેની જૂની માન્યતાઓ બદલાશે. તેના માટે આ માર્ગ સહેલો નહોતો. સ્ત્રીઓ દ્વારા અંતિમ સંસ્કાર કરવાની પરંપરા ન હોવાને કારણે તેમને પૂજારીઓ, સમાજ અને પોતાના ઓળખીતા લોકોનો પણ વિરોધ સહન કરવો પડ્યો છે. આજે તે પોતાના પિતા અને દાદી સાથે રહે છે. તેની સેવા માટે આર્થિક રીતે પણ પરિવાર મદદ કરે છે, છતાં તેઓ સ્વીકારે છે કે સમાજે તેમને સંપૂર્ણપણે સ્વીકાર્યા નથી.

પૂજા કહે છેઃ "લોકો મારી સાથે સામાન્ય રીતે વાત પણ કરતા નથી. તેઓ મારાથી ડરે છે. મારી સાથે હળતા-મળતા નથી. બાળપણના મિત્રો પણ હવે વાત કરતા નથી. તેઓ કહે છે કે તેમના માતા-પિતાએ મારી સાથે સંબંધ રાખવાની મનાઈ કરી છે. લોકો માને છે કે મારી સાથે રહેવાથી તેઓ અશુદ્ધ થઈ જશે." પરંતુ આ એકલતા પણ તેના સંકલ્પને ડગાવી શકી નથી. તેની આ એકલતાભરી સફર છે, પરંતુ તેણે તેના ભાગ્ય તરીકે સ્વીકારી લીધી છે. તેનું સમગ્ર જીવન હવે માનવસેવાને સમર્પિત છે.

તેમના કાર્ય અંગે બ્રિટિશ અખબાર The Guardianમાં લેખ પ્રકાશિત થયા બાદ, પૂજાના કહેવા મુજબ કેટલાક પ્રભાવશાળી રાજકીય લોકો તેના વિરોધમાં સક્રિય થયા. તેના મહિલા આશ્રમમાં જ ડઝન જેટલા પોલીસ અધિકારીઓ આવ્યા અને તેને અટકાયતમાં રાખી. તેના વિરુદ્ધ કંઈ જ નહોતું, છતાં તે ભયભીત થઈ ગઈ હતી.

કોઇકે પ્રશ્ન કર્યો કે દરરોજ મૃતદેહોને સ્પર્શ કરતી વખતે શું અનુભવ થાય છે? આ પ્રશ્નના જવાબમાં તે શાંતિથી કહે છેઃ "મારી અંદર શું બદલાયું તે મને ખબર નથી. પહેલાં તો હું ગરોળીથી પણ ડરતી હતી. પાડોશમાં કોઈનું મૃત્યુ થાય તો ઘણી રાત સુધી ઊંઘ આવતી નહોતી. આજે મારી સવાર મૃત્યુના ફોન, મડદાઘર અને હોસ્પિટલોથી શરૂ થાય છે, છતાં મારા મનમાં અદ્ભુત શાંતિ છે. આ સેવા હવે મારા જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે."



વર્ષ ૨૦૨૪ સુધીમાં પૂજાએ ચાર હજારથી વધુ નિઃવારસ મૃતકોના અંતિમ સંસ્કાર કર્યા હતા. તેમાં મોટાભાગે એવા પરપ્રાંતીય મજૂરોનો સમાવેશ થાય છે, જેઓ દિલ્હીમાં મૃત્યુ પામ્યા હોય અને જેમના

પરિવારજનોની કોઈ ઓળખ મળી ન હોય. તે દિલ્હીની વિવિધ હોસ્પિટલો અને મડદાઘરમાંથી નિઃવારસ મૃતદેહો સ્વીકારે છે, તેમને કફન ઓઢાડે છે, ધાર્મિક વિધિઓ અનુસાર પ્રાર્થના કરે છે અને સંપૂર્ણ સન્માન સાથે અંતિમ સંસ્કાર કરે છે. મોટાભાગે તેઓ હિંદુ વિધિ અનુસાર અગ્નિસંસ્કાર કરે છે, પરંતુ જો મૃતકનો ધર્મ જાણી શકાય તો તે ધર્મની પરંપરા અનુસાર જ અંતિમ વિધિ કરે છે. ઉદાહરણ તરીકે, મુસ્લિમ મૃતકોને ઈસ્લામી કબ્રસ્તાનમાં દફનાવવાની વ્યવસ્થા પણ તે કરે છે. સરેરાશ તે દરરોજ આશરે આઠ અંતિમ સંસ્કાર કરે છે. દર મહિને અમાસના દિવસે તે અગ્નિસંસ્કાર પછીની અસ્થિઓ એકત્ર કરીને હરિદ્વાર લઈ જાય છે અને ગંગાજીમાં વિસર્જિત કરીને મૃત આત્માઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરે છે.



પૂજાને આ કાર્ય માટે કોઈ વેતન મળતું નથી. તેમના જણાવ્યા અનુસાર, આ સેવા પાછળ દર મહિને અંદાજે ૧ લાખ ૨૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. આ ખર્ચ પૂરો કરવા માટે તેઓ પોતાની બચતનો ઉપયોગ કરે છે, પોતાના ઘરેણાં વેચી ચૂક્યાં છે અને પરિવારની આર્થિક મદદનો પણ સહારો લીધો છે.

પૂજા પોતાના દૈનિક જીવનની ઝલક સોશિયલ મીડિયા પર પણ વહેંચે છે. તેઓ પોતાના જીવનની કરુણ ઘટના અને તેમાંથી પ્રાપ્ત થયેલી આધ્યાત્મિક શક્તિ વિશે નિઃસંકોચ વાત કરે છે. આજે તેના માટે મૃત્યુ અંત નથી પણ તે એક જવાબદારી છે. વ્યક્તિગત દુઃખમાંથી શરૂ થયેલી આ સફર ધીમે ધીમે સમગ્ર સમાજ માટેની માનવસેવામાં પરિવર્તિત થઈ છે.

તેમણે 'બ્રાઇટ સોલ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી, જે HIV/AIDSથી પીડિત દર્દીઓ, બળાત્કાર પીડિતાઓ, કેન્સર, મગજની ગાંઠ, ક્ષયરોગ અને અન્ય જીવલેણ રોગોથી પીડાતા જરૂરિયાતમંદ લોકોને સહાય કરે છે. આ સંસ્થા એવા લોકો સુધી પહોંચે છે, જેમને ઘણીવાર પોતાનો પરિવાર, સમાજ અને વ્યવસ્થા ત્રણેયે ત્યજી દીધા હોય છે. ફાઉન્ડેશન માત્ર તબીબી સહાય પૂરતી મર્યાદિત નથી. તે ભાવનાત્મક હૂંફ આપે છે, નિઃવારસ મૃતકોના સન્માનપૂર્ણ અંતિમ સંસ્કાર કરે છે અને જ્યાં કોઈ માનવી સાથ આપવા હાજર ન હોય ત્યાં માનવતાનો સ્પર્શ પહોંચાડે છે.

પૂજા શર્માની સેવા કોઈ પુરસ્કાર, પ્રસિદ્ધિ કે વિચારધારાથી પ્રેરિત નથી. તે તો પોતાના જીવનમાં ભોગવેલા અસહ્ય દુઃખમાંથી જન્મેલો નિઃસ્વાર્થ સંકલ્પ છે. એક વખત તેઓ સ્મશાનમાં સંપૂર્ણપણે એકલાં ઊભાં હતાં.આજે તેમણે જીવનનું એક જ વ્રત લીધું છે કે "આ દુનિયામાંથી વિદાય લેતી વખતે કોઈ પણ મનુષ્યને એકલાં ન રહેવા દઉં."

પૂજા જણાવે છે કે નીચે દર્શાવેલ કોઈપણ રીતે 'બ્રાઇટ ધ સોલ ફાઉન્ડેશન'ને સહયોગ આપી શકાય છે:

૧. તમારા ઘરમાં ઉપયોગમાં ન હોય તેવો જૂનો પરંતુ ઉપયોગી ઘરવખરીનો સામાન દાન કરી શકો છો.

૨. ઉપયોગમાં લઈ શકાય તેવા જૂના કપડાં દાન કરી શકો છો.

૩. કાચું અનાજ અને દૈનિક ઉપયોગની ખાદ્યસામગ્રી દાન કરી શકો છો, જેમ કે—દાળ, ચોખા, ઘઉંનો લોટ, ચણા, કાળા ચણા, ચા, ખાંડ, મસાલા, ખાદ્ય તેલ, રવો, બેસન, મિલ્ક પાઉડર, મીઠું, લીલા શાકભાજી તથા અન્ય જરૂરી ખાદ્યસામગ્રી.

૪. નિઃવારસ મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે કફનનું કપડું, હવન સામગ્રી અથવા અંતિમ સંસ્કાર માટે જરૂરી અન્ય સામગ્રી ખરીદવામાં ઉપયોગી થાય તે માટે આર્થિક દાન આપી શકો છો.

૫. નિઃવારસ મૃતકોની અસ્થિઓ હરિદ્વાર લઈ જઈ ગંગાજીમાં વિસર્જન કરવાની સેવા માટે આર્થિક સહાય આપી શકો છો.

૬. અમારી સંસ્થામાં રહેતા નિરાધાર વૃદ્ધો, બેઘર અને નિઃસહાય વ્યક્તિઓ, માનસિક તથા શારીરિક રીતે અસ્વસ્થ લોકો અને જરૂરિયાતમંદ મહિલાઓને એક સમયનું પૌષ્ટિક અને સન્માનપૂર્ણ ભોજન પ્રાયોજિત કરી શકો છો.

૭. આપના જીવનના વિશેષ પ્રસંગો—જેમ કે જન્મદિવસ, લગ્નવાર્ષિકી અથવા અન્ય કોઈ યાદગાર અવસર—આ લોકો સાથે ઉજવી શકો છો. આ પ્રસંગે તેમને એક સમયનું ભોજન કરાવીને આપનો આનંદ તેમની સાથે વહેંચી શકો છો.

૮. પોતાના સ્વર્ગસ્થ વડીલોના શ્રાદ્ધ પ્રસંગે તેમની આત્માની શાંતિ માટે અમારી સંસ્થાના જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવી શકો છો.

૯. આવકવેરા અધિનિયમની કલમ ૮૦૨ હેઠળ મળતી કરરાહતનો લાભ મેળવી, આપ તમારી શ્રદ્ધા અને ક્ષમતા મુજબ ચેક, ઓનલાઇન ચુકવણી અથવા બેંક ટ્રાન્સફર દ્વારા સંસ્થાને આર્થિક સહાય આપી શકો છો.

**મહત્વપૂર્ણ નોંધ:**

તે કહે છે કે અમારી સંસ્થામાં એક સમયના ભોજન માટે કોઈ નિશ્ચિત દાનરકમ નક્કી કરવામાં આવી નથી. આપ તમારી શ્રદ્ધા અને ક્ષમતા મુજબ કોઈપણ રકમનું દાન કરી શકો છો. જો સંસ્થાનો કોઈ કર્મચારી એક સમયના ભોજન માટે કોઈ નિશ્ચિત અથવા ફરજિયાત રકમની માંગણી કરે, તો કૃપા કરીને તેની સીધી જાણ સંસ્થાની સ્થાપિકા પૂજા શર્માને કરે.

જ્યાં દુનિયા પાછી વળી જાય છે, ત્યાંથી તેની સેવા શરૂ થાય છે. તેની પહેલ એ છે કે તે જીવતા માણસોની મદદ કરે છે. ભૂખ્યાને ભોજન આપે છે. બીમારને દવા આપે છે. અનાથ બાળકને આશ્રય આપે છે. પરંતુ મૃત્યુ પછી? જ્યારે કોઈ માણસનો દાવો કરવા પણ કોઈ ન આવે... ત્યારે? દિલ્હીની હોસ્પિટલો અને પોલીસ મડદાઘરમાં દર વર્ષે હજારો બિનઓળખાયેલા મૃતદેહો આવે છે. કોઈ મજૂર. કોઈ વૃદ્ધ. કોઈ ગરીબ. કોઈ રસ્તા પર જીવતો માણસ. કોઈ એવો, જેના પરિવાર સુધી તેના મૃત્યુના સમાચાર પણ પહોંચતા નથી. ઘણા મૃતદેહો દિવસો સુધી રાહ જુએ છે... કદાચ કોઈ આવશે... કદાચ કોઈ ઓળખશે... પણ ઘણીવાર કોઈ આવતું નથી. અને ત્યારે એક યુવતી આવે છે. તેનું નામ છે - પૂજા શર્મા. તે મૃતદેહને પોતાના પરિવારના સભ્યની જેમ કફન ઓઢાડે છે. પ્રાર્થના કરે છે. સન્માનથી ખભો આપે છે...અને સંપૂર્ણ ધાર્મિક વિધિ સાથે અંતિમ સંસ્કાર કરે છે. કોઈ માટે તેઓ દીકરી બને છે. કોઈ માટે બહેન. કોઈ માટે અંતિમ મુસાફરીની એકમાત્ર સાથી.



આજે પૂજા શર્મા હજારો નિઃવારસ મૃતકોના અંતિમ સંસ્કાર કરી ચૂકી છે. દરેક મૃતદેહ પાછળ એક અધૂરી વાર્તા છે. કોઈએ આખું જીવન મહેનત કરી હશે. કોઈએ પોતાના બાળકો માટે સપનાઓ જોયાં હશે. કોઈએ પ્રેમ કર્યો હશે. કોઈ કોઈનો પિતા હશે. કોઈ કોઈની દીકરી. પણ મૃત્યુ પછી... તેમને યાદ કરનાર ઘણીવાર કોઈ નથી હોતું. પૂજાએ આવા હજારો અજાણ્યા લોકોને પોતાના પરિવારની જેમ અંતિમ વિદાય આપી છે. તેના માટે દરેક મૃતદેહ માત્ર એક નંબર નથી. દરેક મૃતદેહ એક સંપૂર્ણ જીવન છે.

સમાજે તેનું સન્માન કરતાં પહેલાં અપમાન આપ્યું હતું. માનવતા માટેનો માર્ગ સહેલો નથી હોતો. પૂજાને વારંવાર કહેવામાં આવ્યું છે કે આ કામ સ્ત્રીઓનું નથી. સ્મશાનમાં જવાથી અશુદ્ધિ લાગે. લોકો શું શું કહે છે ? ઘણાએ તો તેમની સાથે વાત કરવાનું બંધ કરી દીધું છે. મિત્રો દૂર થઈ ગયા છે. કેટલાક લોકો તેમને અશુભ માનવા લાગ્યા છે. તેની સગાઈ પણ તૂટી ગઈ છે. કારણ ? કારણ કે તેણે મૃત્યુ પામેલા અજાણ્યા લોકોની સેવા કરવાનો માર્ગ પસંદ કર્યો હતો. પરંતુ તેણે સમાજની સ્વીકૃતિ કરતાં પોતાના અંતરાત્માની વાત સાંભળી. તેણે એક વાર કહ્યું હતું કે મૃત વ્યક્તિ પણ સન્માનનો અધિકારી છે. આ એક વાક્ય તેમના સમગ્ર જીવનનું દર્શન છે.



માનવતા કોઈ એક ધર્મની મિલકત નથી પૂજા માત્ર હિંદુ મૃતકોના જ નહીં... મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ અને અન્ય તમામ ધર્મના લોકોના અંતિમ સંસ્કાર પણ તેમની ધાર્મિક પરંપરા પ્રમાણે તે કરાવે છે.

તેના માટે સૌથી મોટો ધર્મ છે - માનવતા. તેમણે બતાવ્યું છે કે મૃત્યુ પછી કોઈ હિંદુ, મુસ્લિમ કે ખ્રિસ્તી નથી રહેતું... માત્ર એક મનુષ્ય રહે છે... અને દરેક મનુષ્ય ગૌરવનો અધિકારી છે.

પોતાના સંકલ્પને વધુ લોકો સુધી પહોંચાડવા માટે પૂજાએ ‘બ્રાઇટ ધ સોલ ફાઉન્ડેશનની સ્થાપના કરી છે.  આ સંસ્થા માત્ર અંતિમ સંસ્કાર જ નથી કરતી. ગરીબ બાળકોનું શિક્ષણ, નિરાધાર વૃદ્ધોની સેવા, જરૂરિયાતમંદોને ભોજન, કપડાં. દવાઓ. પર્યાવરણમૈત્રી અગ્નિસંસ્કાર અને અનેક માનવતાવાદી પ્રવૃત્તિઓ દ્વારા તે સમાજમાં આશાનો દીવો પ્રગટાવી રહી છે.

જે કાર્યને સમાજના કેટલાક લોકોએ શરૂઆતમાં સ્વીકાર્યું નહોતું... તે જ કાર્યને દુનિયાએ સલામ કરી. વર્ષ ૨૦૨૪માં BBCએ પૂજા શર્માને વિશ્વની ૧૦૦ શ્રેષ્ઠ Womenની યાદીમાં સ્થાન આપ્યું હતું. આ સન્માન માત્ર એક વ્યક્તિ માટે નહોતું. આ માનવતા માટેનું સન્માન હતું. આ દરેક દીકરી માટેનો સંદેશ હતો કે હિંમત અને કરુણાની કોઈ મર્યાદા નથી. સાચું સાહસ એ નથી કે આપણે તાકાતવર સામે લડી જઈએ. સાચું સાહસ એ છે કે જ્યાં આખી દુનિયા દૂર ભાગે છે, ત્યાં આપણે કોઈ અજાણ્યા માણસનો હાથ પકડી લઈએ. જ્યાં સમાજ રૂઢિઓની દિવાલ ઊભી કરે છે, ત્યાં આપણે કરુણાનો દરવાજો ખોલીએ. જ્યા કોઈ નથી જતું, ત્યાં આપણે પહોંચીએ. પૂજા શર્માએ એ જ કર્યું છે.

BBCએ વિશ્વની ‘૧૦૦ શ્રેષ્ઠ Women'- સૌથી પ્રેરણાદાયી અને પ્રભાવશાળી મહિલાઓની યાદી જાહેર કરી, ત્યારે તેમાં પૂજા શર્માનું નામ પણ સામેલ હતું. દિલ્હીમાં પાંચ હજારથી વધુ નિઃવારસ અને બિનઓળખાયેલા મૃતકોના અંતિમ સંસ્કાર કરનાર યુવા સમાજસેવિકા પૂજા શર્માને વર્ષ ૨૦૨૪ માટે મ્ઝ દ્વારા જાહેર કરવામાં આવેલી વિશ્વની ૧૦૦ સૌથી પ્રેરણાદાયી અને પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રતિષ્ઠિત યાદીમાં પૂજા શર્માનું નામ ભારતીય મૂળની નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ, હોલિવૂડ અભિનેત્રી શેરોન સ્ટોન, ઓલિમ્પિક સુવર્ણચંદ્રક વિજેતા ખેલાડીઓ રેબેકા આન્દ્રાદે અને એલિસન ફેલિક્સ જેવી વિશ્વવિખ્યાત મહિલાઓની સાથે સામેલ કરવામાં આવ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી પૂજા શર્મા દિલ્હીમાં નિઃવારસ મૃતદેહોના સન્માનપૂર્ણ અંતિમ સંસ્કાર કરવાની અનોખી માનવસેવામાં સતત કાર્યરત છે.

BBCએ પોતાની જાહેરાતમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ વિશ્વભરની મહિલાઓ માટે અનેક પડકારો અને સંઘર્ષોથી ભરેલું રહ્યું છે. આવી પરિસ્થિતિમાં પોતાની અદમ્ય હિંમત, સહનશક્તિ અને પરિવર્તન લાવવાના પ્રયાસોથી સમાજમાં સકારાત્મક બદલાવ લાવનાર મહિલાઓને આ યાદી દ્વારા સન્માનિત કરવામાં આવી છે. સાથે જ, આ યાદીમાં એવી મહિલાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે, જેઓ આબોહવા પરિવર્તન જેવી વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરવા પોતાના સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.



પૂજાનું આ માત્ર એક આંતરરાષ્ટ્રીય સન્માન નથી. આ એ વિચારની જીત છે કે માનવતા કોઈ વ્યવસાય નથી, કોઈ પ્રસિદ્ધિ મેળવવાનો માર્ગ નથી અને કોઈ પુરસ્કાર માટે કરવામાં આવતું કાર્ય પણ નથી. માનવતા એ તો નિઃસ્વાર્થ રીતે બીજા માટે જીવવાની એક જીવનશૈલી છે. વિશ્વની એવી મહિલાઓની વચ્ચે, જેઓ વિજ્ઞાન, રમતગમત, રાજકારણ, કલા અને સામાજિક પરિવર્તનના ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપી રહી છે, ત્યાં દિલ્હીની એક એવી યુવતી ઊભી છે, જેનું સૌથી મોટું કાર્ય છે ભૂલાઈ ગયેલા મનુષ્યોને ગૌરવપૂર્ણ અંતિમ વિદાય આપવી. કદાચ આ સન્માનનો સૌથી સુંદર અર્થ પણ એ જ છે. વિશ્વે સ્વીકારી લીધું કે મૃત્યુ પછી પણ મનુષ્યના ગૌરવનું રક્ષણ કરવું એ માનવસેવાનું સર્વોચ્ચ સ્વરૂપ હોઈ શકે છે.

સમાજ આજે પણ ઘણી વખત કહે છે કે છોકરીઓ સ્મશાનમાં જતી નથી.પરંતુ ઇતિહાસ કદાચ કંઈક બીજું લખશે. તે લખશે કે એક દીકરીએ પોતાના ભાઈના દુઃખને હજારો અજાણ્યા લોકો માટે આશીર્વાદમાં ફેરવી દીધું. તે લખશે કે તેણે રાખમાંથી માનવતાનો દીવો પ્રગટાવ્યો. તે લખશે કે જ્યારે સમાજ સંબંધો ભૂલી ગયો ત્યારે એક અજાણી દીકરીએ હજારો મૃતકોને પોતાના માની લીધા..અને કદાચ આવનારી પેઢીઓ માટે પૂજા શર્માનું જીવન એક જ સંદેશ છોડશે કે માનવતા ત્યાંથી શરૂ થાય છે, જ્યાં સમાજની ફરજ પૂર્ણ થઈ જાય છે. કારણ કે સાચી સેવા માત્ર જીવતા માણસોને મદદ કરવામાં નથી... સાચી સેવા તો એ છે કે કોઈ અજાણ્યો માણસ પણ આ દુનિયામાંથી સન્માન અને ગૌરવ સાથે વિદાય લઈ શકે. એ જ સાચો ધર્મ છે. એ જ સાચી કરુણા છે. અને કદાચ...એ જ સાચી માનવતા છે. તેની અડગ નિષ્ઠા, અવિચળ સંકલ્પ અને નિઃસ્વાર્થ કરુણાએ આજે તેને માનવતાની જીવંત પ્રતીક બનાવી દીધી છે.

પૂજા શર્મા માત્ર સમાજની રૂઢિઓને પડકારતી નથી; તે એવા હજારો અજાણ્યા અને નિઃવારસ લોકોને પણ મૃત્યુ પછીનું ગૌરવ અને સન્માન અપાવે છે, જેઓ કદાચ આ દુનિયાને એકલાં છોડીને ગયા હોત. તેનું કાર્ય માત્ર મૃતકોને સન્માનપૂર્ણ વિદાય આપવાનું નથી; તે માનવતાને જીવંત રાખવાનો, સમાજને કરુણાનો સાચો અર્થ સમજાવવાનો અને દરેક મનુષ્યના અંતિમ સન્માનનું રક્ષણ કરવાનો એક મહાન સંકલ્પ છે. પૂજા શર્માની જીવનગાથા આપણને શીખવે છે કે સાચી શક્તિ પરંપરાઓને આંખ મીંચીને અનુસરવામાં નથી, પરંતુ જ્યાં માનવતા જોખમમાં હોય ત્યાં રૂઢિઓની દિવાલો તોડીને કરુણાભાવથી કાર્ય કરવામાં છે. સાચું સાહસ એ છે કે દુનિયા વિરોધમાં ઊભી હોય છતાં આપણે માનવધર્મનો હાથ ક્યારેય ન છોડીએ.પૂજાના માનવતાભર્યા આ સત્કાર્ય માટે શત શત વંદન.

https://www.youtube.com/shorts/LX1tVDArDGQ
https://www.youtube.com/shorts/jfKQAOOa7Qc
https://www.youtube.com/shorts/agBzMPaYnu4
https://www.youtube.com/shorts/tPn2Ln6odx4
https://www.youtube.com/shorts/60suz4x2UGY
https://www.youtube.com/shorts/XHoQDJvr2dc

★★★★★★★★★★★★★★★★